# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૮ તા.૧૫-૦૩-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **‘ રાજ્ય પારિતોષિક-૨૦૧૮ ’ બાબત.**

**સંદર્ભ :-** (૧) **શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક :પીઆરઈ/૧૧૧૪/૩૦૬૯૩૨/ક-તા. ૭-૮-૧૪**

(૨) **શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક :પીઆરઈ/૧૧૧૪/૩૦૬૯૩/ક-તા.૧-૧૨-૧૫**

(૩) **એવોર્ડ સમિતિ માટે બનાવેલ નિયમ નં.૧ થી ૧૮**

(૪) **પ્રા. શિક્ષણ નિયામક કચેરીનાં ક્રમાંક : ૪૬/રા.પા. એવોર્ડ-૨૦૧૮/જ/૧૮-૬૪૭૪-૬૫૭૦ તા.૨૧-૨-૨૦૧૮નો પત્ર**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઉપરોક્ત સંદર્ભિત પત્ર-૧માં જણાવેલ ઠરાવથી‘શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક તાલુકા, જિલ્લા, રાજય કક્ષાએ નામાભિધાન’ની યોજના શરૂ કરવામાં આવેલ છે, તે અંતર્ગત ઓછામાં ઓછો ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ હોય તેવા શિક્ષકો ‘શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક’ માટે ફાઇલ મૂકી શકશે.

‘શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક’ માટે રસ ધરાવતા શિક્ષકોએ આ સાથે સામેલ પત્રોમાં જણાવ્યા મુજબ પોતાની ફાઇલ ઝોન કક્ષાએ રજૂ કરવાની રહેશે. દરેક ઝોનમાંથી બે શિક્ષકોને પારિતોષિક માટે પસંદ કરવામાં આવશે. ઝોનમાંથી પસંદગી પામેલ શિક્ષકોમાંથી ચાર શિક્ષકોની સ્કૂલ બોર્ડ કક્ષાએ પસંદગી કરવામાં આવશે. ઝોન કક્ષાએ પસંદ પામેલ બે શિક્ષકોને રૂા. ૫,૦૦૦/- રોકડ રકમ, શાલ, પ્રમાણપત્ર અને સ્કૂલ બોર્ડ કક્ષાએ પસંદ પામેલ ચાર શિક્ષકોને રૂા. ૧૫,૦૦૦/- રોકડ રકમ, શાલ, પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. ઝોન કક્ષાએ ઉમેદવારી નોંધાવી મુખ્ય શિક્ષકશ્રી અને સુપરવાઇઝરશ્રીની ભલામણ સાથે ફાઇલ બે નકલમાં સુપ્રત કરવાની અંતિમ તા.૩૧-૦૫-૧૮ રહેશે.

**‘ રાજ્ય પારિતોષિક-૨૦૧૮ ’ માટેની પસંદગીનું માપદંડ નીચે મુજબ રહેશે.**

- શિક્ષક કામગીરી દર્પણ — ૨૦ ગુણ

  ( આ સાથે સામેલ પત્રકની વિગતો સાથે વિશિષ્ટ કામગીરી સહિત,
  ફોટોગ્રાફી સહિત ફાઇલ તૈયાર કરવી.)
- શિક્ષણની પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, વિષય વસ્તુ, શિક્ષણનાં વર્તમાન પ્રવાહો,
  સામાન્ય જ્ઞાનની પરીક્ષા — ૫૦ ગુણ
- શાળાની મુલાકાત દ્વારા શિક્ષકની શૈક્ષણિક કામગીરીનું મૂલ્યાંકન — ૨૦ ગુણ
- રૂબરૂ મુલાકાત — ૧૦ ગુણ

તા.૧૫-૦૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ખાનગી

સમયમર્યાદા

ક્રમાંક:૪૬/રા.પા.એવોર્ડ-૨૦૧૮/જ/૧૮/ ૬૪૭૪-૬૫૭૦
પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી :
બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા.ગાંધીનગર, તા.૨૧/૨/૨૦૧૮

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષયઃ- રાજ્ય પારિતોષિક-૨૦૧૮ ના વર્ષ માટેની જિલ્લા કક્ષાની ભલામણો અત્રેની કચેરીમાં મોકલી આપવા અંગે.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૪/૩૦૬૯૩૨/ક તા.૭/૮/૨૦૧૪
(૨)શિક્ષણ વિભાગનાઠરાવક્રમાંકઃપીઆરઆઇ/૧૧૧૪/૩૦૬૯૩/ક, તા.૧/૧૨/૨૦૧૫
(૩) એવોર્ડ સમિતિ માટે બનાવેલ નિયમો ૧ થી ૧૮

(૧) ઉપરોકત ઠરાવ અને તે સંલગ્ન નિયમોને ધ્યાનમાં રાખી તાલુકા તથા જિલ્લા કક્ષાના પુરસ્કારની પસંદગી જિલ્લા કક્ષાએ કરવાની થતી હોઇ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૭/૮/૨૦૧૪ના ઠરાવ મુજબ નિયત સમય મર્યાદામાં પુરસ્કાર પસંગીની કાર્યવાહી આપની કક્ષાએથી પુરી કરવા જણાવવામાં આવે છે.

(૨) રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં હાલમાં શૈક્ષણિક કાર્ય કરતાં શિક્ષકો/ મુખ્ય શિક્ષકો અને અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન સરકારી સંસ્થાઓના શિક્ષકોમંથી શ્રેષ્ઠ શિક્ષક તરીકે દર વર્ષ પ્રમણે રાજય સરકાર ધ્વારા પસંદગી કરી પારિતોષિક આપવાની યોજનાની પુનઃરચના કરવામાં આવી છે. અને તે પ્રમાણે સપ્ટેમ્બર-૨૦૧૮ માં એનાયત કરવાના શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવા માટે તાલુકા/ જિલ્લા કક્ષાએથી અધ્યક્ષતા વાળી પસંદગી સમિતિ તરફથી ભલામણો સાથેની દરખાસ્ત મંગાવવામાં આવે છે..

(૩) જિલ્લા શિક્ષણાધિકારીએ આ દરખાસ્તો કચેરીને નીચેના સમય પત્ર પ્રમાણે રુબરુમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. જિલ્લાની દરખાસ્તો વિલંબથી રજુ થવાના પરિણામે ઘણી વહીવટી મુશ્કેલ ઉપસ્થિત થઇ શકે. આવુ ન બને તેની સૌએ કાળજી લેવી.

રાજ્ય કક્ષાના એવોર્ડ માટે સૌ પ્રથમ તાલુકા કક્ષાની પસંદગી બાદ જિલ્લા કક્ષાની પસંદગી કર્યા બાદ રાજય પારિતોષિક મેળવવા માટેની દરખાસ્તો નીચે જણાવ્યા પ્રમાણેની સામે જણાવેલ તારીખ દરમ્યાન અત્રેની કચેરીને રુબરુમાં મળી જાય તેવી ગોઠવણ રવાની રહેશે.

| ક્રમ | જિલ્લાઓના નામ | આ કચેરીમાં રૂબરૂ રજુ કરવાની તારીખ | સમય અને વાર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પાટણ, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી | ૨૦/૬/૨૦૧૮ | બુધવાર ૧૧.૦૦ કલાકે |
| ૨ | કચ્છ, બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર | ૨૦/૬/૨૦૧૮ | બુધવાર ૨.૦૦ કલાકે |
| ૩ | વડોદરા, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ખેડા, આણંદ | ૨૧/૬/૨૦૧૮ | ગુરૂવાર ૧૧.૦૦ કલાકે |
| ૪ | ભરૂચ, નર્મદા, નવસારી, ડાંગ, વલસાડ, સુરત, તાપી, કચ્છ | ૨૧/૬/૨૦૧૮ | ગુરૂવાર ૨.૦૦ કલાકે |
| ૫ | રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર,મોરબી, બોટાદ,દે.દ્વારકા | ૨૨/૬/૨૦૧૮ | શુકવાર ૧૧.૦૦ કલાકે |
| ૬ | પોરબંદર, ભાવનગર, જુનાગઢ, અમરેલી, ગીરસોમનાથ | ૨૨/૬/૨૦૧૮ | શુકવાર ૨.૦૦ કલાકે |

૩૩૭૪
૧/૩/૧૮

રાષ્ટ્રીય પારિતોષિક માટે અલગ-અલગ તારીખ નક્કી કરવામાં આવેલ હોઇ, તે તારીખે જ મોકલવાના રહેશે તેમજ રાજ્ય પારિતોષિક પારિતોષિકના રોજકામ અલગ અલગ મોકલવાના રહેશે.

(૪) તાલુકા કક્ષાના એવોર્ડ માટે નિયત થયેલ સમિતિએ સમયમર્યદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આથી રાજ્ય કક્ષાના અને તાલુકા કક્ષાના એવોર્ડ માટે અલગ-અલગ દરખાસ્તો મેળવવાની રહેશે.

તમારા જીલ્લા માં વધુમાં વધુ પ્રચાર પ્રસાર કરી પાત્રતા ધરાવતા શિક્ષકો વધુ સંખ્યામાં દરખાસ્તો કરે તે માટે પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે.

સ્થળઃ- અધિક્ષક – જ શાખા, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક .૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર

બિડાણઃ- બન્ને ઠરાવોની નકલ

નાયબ શિક્ષણ નિયામક અને,
સભ્ય સચિવ રાજ્ય પસંદગી સમિતિ
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગુ. રા. ગાંધીનગર

નકલ સવિનય જાણ સારૂ-

૧. નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર. જીવન શિક્ષણમાં પ્રસિધ્ધ કરવા સારુ.
૨. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, જુના સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર આપના તરફથી પ્રસિધ્ધ થતા માધ્યમિક શિક્ષણ પરિક્ષણ માસિકમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૪. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ - (તમામ)
૫. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ આપના કાર્યક્ષેત્રની દરખાસ્તો સમય મર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારીને રજુ કરવા કાળજી લેવા સારૂ.(મારફત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી)
૬. શાસનાધિકારીશ્રીઓ/મહાનગર/નગર શિક્ષણ સમિતિઓ/(તમામ) આપના કાર્યક્ષેત્રની દરખાસ્તો સમય મર્યાદામાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી રજુ કરવા કાળજી લેવા સારૂ.
૭. પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, દિગવિજયસિંહ જાડૈજા,મુ.પો., જી.જામનગર.
૮. પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ, શ્રી રમેશભાઇ બી. પટેલ, ૧૭-એ. પ્રાર્શ્વનાથ સોસાયટી,, ઘનશ્વામ વાડી સામે, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦
૯. પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય ઉચ્ચ માધ્યમિક શિક્ષક સંઘ. શ્રી પંકજભાઇ પટેલ, ૨૦, સૂર્યરત્ન બંગ્લોઝ, સાયન્સ સીટી રોડ, સોલા-અમદાવાદ-૩૮૦૦૬૦
૧૦. પ્રમુખશ્રી- ગુજરાત રાજ્ય આચાર્યસંઘ

## સેટ – ૧

## પરિશિષ્ટ – ૧

### રાજ્ય પારિતોષિક ભલામણોના સેટ નીચેના ક્રમમાં બનાવવા

| | |
|---|---|
| ૧ | ભલામણોના સેટની ફાઇલના આગળના પૂંઠા પર અને પ્રથમ પાના પર રાખવાની વિગતો. |
| ૨ | નમૂનો ક-૧ |
| ૩ | પ્રમાણપત્ર-૧ નમૂનો ક-૧ માં ભરેલ વિગતો |
| ૪ | પ્રમાણપત્ર-૨ કોરા કાગળ પર પાંચ ફોટા આજુબાજુ બે બે અને વચ્ચેના એક ફોટાને પ્રમાણિત કરી પાંચ ફોટા ચોટાડવા. |
| ૫ | (અ) પ્રમાણપત્ર-૩ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ગુણોત્સવ<br>(બ) પ્રમાણપત્ર-૩ માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકો માટે શિખવતા વિષયનું પરિણામ |
| ૬ | પ્રમાણપત્ર-૪ નોકરી તથા સામાજીક સેવાનો ઇતિહાસ |
| ૭ | પ્રમાણપત્ર-૫ બાયોડેટા અને કામગીરીની વિગતો સહિતનો જોડણીને ધ્યાને લઇ શુધ્ધ ગુજરાતી ભાષામાં ૨૦૦ શબ્દોનો રાઇટ-અપ દરખાસ્તમાં મુકવો અને તાલુકા સમિતિના રોજકામ સાથે અલગ આપવો અને તેની બે નકલ જિલ્લા સમિતિને મોકલવી. |
| ૮ | નમૂનો ક-૨ પ્રશ્નાવલી |
| ૯ | નમૂનો-ખ રાજ્ય પારિતોષિક તાલુકા સમિતિની ભલામણનું મૂલ્યાંકન આધારે ભલામણ સમિતિના સભ્યશ્રીની સહી. |
| ૧૦ | પરિશિષ્ટ-૨ તાલુકા કક્ષાની સમિતિનું રોજકામ. |

## પારિતોષિક ભલામણના સેટની ફાઇલના આગળના પૂંઠા પર અને પ્રથમ પાના પર આપવાની વિગતો

| | | |
|---|---|---|
| ૧ | પારિતોષિક કેડર | |
| ૨ | ઝોન | |
| ૩ | જિલ્લો | |
| ૪ | તાલુકો | |
| ૫ | નામ | |
| ૬ | હોદ્દો | |
| ૭ | શાળાનું નામ | |
| ૮ | શાળાનું પુરૂ સરનામુ પીનકોડ સાથે | |
| ૯ | શાળાનો ફોન નંબર | |
| ૧૦ | શિક્ષક/આચાર્યનો ફોન નંબર, મોબાઇલ નંબર | |
| ૧૧ | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનું સરનામુ | |
| ૧૨ | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનો ફોન નંબર | |

## નમૂનો ક-૧

**(પ્રાથમિક શાળાના શિક્ષક કે આચાર્ય/માધ્યામિક શાળાના શિક્ષક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક/માધ્યામિક શાળાના આચાર્ય/ખાસ શાળાના શિક્ષક માટે) આપવાની થતી વિગતો:-**

.............................................................................................................................................

....

| | | |
|---|---|---|
| ૧ | પુરુ નામ  અટક  નામ  પિતા/પતિનું નામ | |
| | | |
| ૨ | શાળાનું નામ: | |
| ૩ | શાળાનું પુરુ સરનામુ: | |
| ૪ | શાળાનો પ્રકાર:<br>(પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/ખાસ શાળા) | |
| ૫ | પુરૂષ/સ્ત્રી: | |
| ૬ | જન્મ તારીખ: | ☐☐ ☐☐ ☐☐☐☐ |
| ૭ | માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક બોર્ડનું જે તે શિખવતા વિષયનું છેલ્લા વર્ષનું પરિણામ: | વિષય .......................... વર્ષ ૨૦૧૫ .......................ટકા, વર્ષ ૨૦૧૬ .................... ટકા, વર્ષ ૨૦૧૭ ................. ટકા |
| ૮ | શાળામાં હોદ્દો: | |
| ૯ | કાયમી સરનામુ:<br>(ગામ/શહેર/મહોલ્લો/વિસ્તાર/વાયા પોસ્ટ/પીનકોર્ડ) | |
| ૧૦ | ગુણોત્સવમાં શાળાનો આઇ.ડી. નંબર | |
| ૧૧ | ગુણોત્સવમાં તાલુકાનો બ્લોક આઇ.ડી.નંબર | |
| ૧૨ | ગુણોત્સવમાં જિલ્લાનો બ્લોક આઇ.ડી.નંબર | |
| ૧૩ | ગુણોત્સવમાં શિક્ષકે કરેલ વિશિષ્ટ કામગીરીની વિગત | |
| ૧૪ | શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાતો: | |

| ક્રમ | પરીક્ષા | પાસ કર્યાનું માસ/વર્ષ | પરીક્ષા લેનાર એજન્સી | મેળવેલ વર્ગ | પ્રયત્ન . | વિષયો |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |

| | નોકરી દરમ્યાન મેળવેલ તાલીમોઃ- | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | લીધેલ તાલીમની વિગત/વિષય | સમયગાળો તા. / / થી તા. / / | કુલ દિવસ | સ્થળ | તાલીમ આપનાર એજન્સી |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

શિક્ષકની સહીઃ-

તાલુકા કેળવણી નિરીક્ષકની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## <u>પ્રમાણપત્ર – ૧</u>

આથી ખાતરી સહ પ્રમાણપત્ર આપવામાં આવે છે. કે, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટેનો ક-૧ જે વિગત ભરી છે તે મારી જાણ અને માન્યતા પ્રમાણે સંપૂર્ણ સાચી છે અને જો તેમાં કોઇ વિગતો ખોટી હશે તો મારી અંગત જવાબદારી રહેશે.

શિક્ષકની સહીઃ-

તાલુકા કેળવણી નિરીક્ષકની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## <u>પ્રમાણપત્ર – ૨</u>

કોરા કાગળપર પાંચ ફોટા આજુ-બાજુ બે-બે અને વચ્ચેના એક ફોટાને પ્રમાણિત કરવા બાબત.

પ્રમાણિત
કરવો

શિક્ષકની સહીઃ-

શિક્ષણ નિરીક્ષકની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## <u>પ્રમાણપત્ર – ૩ (અ)</u>

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે..............................શિક્ષકની ભલામણ અન્વયે

(૧) શાળાનું નામ

........................................................................................................

ગુણોત્સવમાં

તાલુકો........................................................................................................

જિલ્લો........................................................................................................

........

શિક્ષકનું

નામ........................................................................................................

ગામનું

નામ........................................................................................................

ગામનો આઇ.ડી.નં.

........................................................................................................

શિક્ષકનો આઇ.ડી.નં.

........................................................................................................

(૨) ગુણોત્સવમાં શિક્ષકે કરેલ વિશિષ્ટ કામગીરીની વિગત

આચાર્યની સહીઃ-

તાલુકા કેળવણી નિરીક્ષકની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

# <u>પ્રમાણપત્ર – ૩ (બ)</u>

## માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષક/આચાર્ય માટે

માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષક/આચાર્યના જે તે વિષય શિખવતા વિષયનું માધ્યમિક બોર્ડનું છેલ્લા ત્રણ વર્ષનું પરિણામ ૮૦ ટકા કરતાં વધારે છે.

શિક્ષકનું નામઃ- ....................................................................................................

શિખવતા વિષયનું નામ....................................................................................................

ક્યા ધોરણમાં વિષય શિખવે છે. ....................................................................................

શાળાનું પરિણામઃ- ....................................................................................................

વર્ષ ૨૦૧૫ .................. ટકા વર્ષ ૨૦૧૬.................... ટકા વર્ષ ૨૦૧૭ ....................ટકા

શિખવતા વિષયનું પરિણામઃ- ......................................................................................

વર્ષ ૨૦૧૫ .................. ટકા વર્ષ ૨૦૧૬..................ટકા વર્ષ ૨૦૧૭ .................. ટકા

શિક્ષકની સહીઃ-

શિક્ષણ નિરીક્ષકની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## <u>પ્રમાણપત્ર – ૪</u>

### નોકરી તથા સામાજીક સેવાઓનો ઇતિહાસ

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ............................... ની ભલામણ પારિતોષિક માટે કરવામાં આવી છે તેઓની નોકરી તથા સામાજીક સેવાઓનો ઇતિહાસ સ્વચ્છ અને સ્પષ્ટ છે તેમની સામે ખાતાકીય તપાસ તે અંગેની કોઇ કામગરી ચાલુ કે સુચિત નથી. તેમજ તેમણે આ અગાઉ રાજ્ય પારિતોષિક કે રાષ્ટ્રીય પારિતોષિક મેળવેલ નથી.

શિક્ષકની સહીઃ- તાલુકા કેળવણી નિરીક્ષકની સહીઃ-

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની સહીઃ- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## <u>પ્રમાણપત્ર – ૫</u>

### ભલામણ કરેલ શિક્ષકોના બાયોડેટા
### (રોજકામ સાથે અલગ પણ જોડવું)

ભલામણ કરેલ શિક્ષકોના બાયોડેટા અને તેમની કામગીરીની વિગતો સહિતનો રાઇટ-અપ ૨૦૦ શબ્દોમાં ગુજરાતી શુદ્ધ ભાષામાં અને જોડણી ધ્યાને લઇને લખાય તે મુજબ રાઇટ-અપની નકલ દરખાસ્તમાં જોડણી અને તેમાં તાલુકા કેળવણી નિરીક્ષક અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી હોવી જરૂરી છે.

શિક્ષકની સહીઃ-

તાલુકા કેળવણી નિરીક્ષકની સહીઃ-

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## નમૂનોઃ ક(૨) પ્રશ્નાવલી

નીચેના પ્રશ્નો વાંચો અને તમારી સંપૂર્ણ જ્ઞાન અને શક્તિ અનુસાર સાચા જવાબો આપો. પ્રશ્નો સામેની ખાલી જગ્યાઓમાં જવાબ લખાવાના છે. શક્ય હોય તથા ત્યાં તમારા જવાબના સમર્થનના હકીકતરૂપ પુરાવા અથવા માહિતી આપવી.

| | | |
|---|---|---|
| ૧ | વર્ગમાં શૈક્ષણિક કામ માટે તમારી પૂર્વ તૈયારી કેવી હોય છે ? અથવા તો તમે કેવી રીતે તૈયાર થાવ છો ? | |
| ૨ | તમારા વર્ગ શિક્ષણમાં તમે વારંવાર જેના પર આધાર રાખતા હો, તેવા અભ્યાસના અન્ય કોઇ વિષય કે ક્ષેત્રો છે ? | |
| ૩ | (૨) પ્રમાણેના સંક્ષિપ્ત દ્રષ્ટાંતો સહિત વિષયોના નામ જણાવો. | |
| ૪ | તમારા વિદ્યાર્થીઓ દૈનિક જીવન, તેમની આજુબાજુનું સ્થાનિક વાતાવરણ સાથે જોડવા માટે તમારો વિષય તેને કઇ કઇ તકો કઇ કઇ રીતે પુરી પાડે છે ? | |
| ૫ | સ્થાનિક વાતાવરણના કેટલીક ખાસ બાબતોનો અભ્યાસ કરાવવા ગત શૈક્ષણિક વર્ષ દરમ્યાન તમે કેટલીવાર તમારા વિદ્યાર્થીઓને વર્ગખંડ બહાર લઇ ગયા ? વિગતો આપો. | |
| ૬ | તમારો વર્ગ એક જુથ તરીકે જેના પર કામ કરતો હોય એવો કોઇ પ્રોજેક્ટ છે ? તો આ વર્ષ દરમ્યાન પ્રયોજેલા અથવા ચાલુ હોય તેવા આવા પ્રોજેક્ટની વિગતો આપો. | |
| ૭ | સામાન્ય રીતે તમે તમારા વિદ્યાર્થીઓને તેમના વર્ગકાર્યના ભાગ સ્વરૂપે કોઇ મોડેલ, ચિત્રો, ચાર્ટસ વિગેરે તૈયાર કરવા જણાવો છો ? તેની સંખ્યા કેટલી અને તેનું પરિણામ કેવુ આવ્યું છે ? | |
| ૮ | જ્યારે વર્ગમાં તમારી ગેરહાજરી હોય ત્યારે તમારો વર્ગ કઇ રીતે સમય પસાર કરે છે ? તમારી ગેરહાજરીમાં તેમનું કાર્ય ચાલુ રાખવા માટે તેમના પર તમે કેટલા અંશે વિશ્વાસ રાખી શકો છો ? | |
| ૯ | તમારા વર્ગમાં મુશ્કેલીઓ ઉભી કરનારા તોફાની વિદ્યાર્થીઓ સાથે કામ લેવાની તમારી સર્વ સામાન્ય પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ શો હોય છે ? | |
| ૧૦ | તમારી કારકિર્દી દરમ્યાન શાળમાં શિસ્તભંગના કોઇ સામાન્ય કિસ્સાઓ બનેલા છે ? જો આમ થયું હોય તો આ પરિસ્થિતિને પહોંચી વળવા તમે શો ભાગ ભજવેલ છે ? અથવા તમારા વિધેયાત્મક પ્રયાસો કેવા રહ્યા છે ? | |

નમૂનોઃ ક(૨)

| | | |
|---|---|---|
| ૧૧ | તમે નિયમિત રીતે સામયિક કે મેગેઝીન મંગાવો છો ? વાંચો છો ? વિગતો આપો.છેલ્લા ત્રણ વર્ષમાં આવા સામયિકો અને મેગેઝીનના નામ તથા તે વાંચવાથી તમને તમારી શિક્ષણિક તથા વ્યવસાયિક સજ્જતામાં વધારો કરવા કઇ રીતે ઉપયોગી બન્યા છે ? | |
| ૧૨ | તમારા વિષયો પર ચર્ચા-સભાઓ કે સ્પર્ધાઓ વગેરે યોજવામાં તમે કોઇ પ્રકારે રસ લીધો છે ? વિગતો આપો. | |
| ૧૩ | છેલ્લા પાંચ વર્ષમાં તમે કોઇ પરિસંવાદ, કાર્યશાળા (વર્કશોપ) શૈક્ષણિક પરિષદોમાં હાજરી આપી છે ? આ હાજરી અને આવા પરિસંવાદ પરિષદના ચર્ચાના વિષયો ક્યા રહ્યા હતા ? અને તમારા વર્ગ શિક્ષણ કાર્યને અસરકારક બનાવવામાં શી રીતે ઉપયોગી બની શક્યા છે ? તેની વિગતો આપો. | |
| ૧૪ | તમોએ તમારી શાળાના વિકાસ માટે કોઇ વખત દાન/ફાળા એકત્ર કર્યા છે ? ક્યારે અને કેવી રીતે તથા કેટલા પ્રમાણમાં તે જણાવો અને આનાથી તમારી સામાજીક પ્રતિષ્ઠા અને શાળામાં અન્યો દ્વારા વેતન મેળવવા કે સમાજની સહભાગીદારીતા ઉભી કરવા માટે તમારા પ્રયાસો કઇ રીતે દીવાદાંડી બની શક્યા ? | |
| ૧૫ | તમે ક્યારેય એવું કાર્ય કર્યું છે ? કે જેનાથી તમારા અને તમારી શાળાની સામાજીક/શૈક્ષણિક પ્રતિષ્ઠા વધારી હોય ? | |
| ૧૬ | તમોએ ક્યારેય વિદ્યાર્થીઓ સમક્ષ તમારી થયેલ ભુલોનો એકરાર કરી સત્ય તરફ શ્રદ્ધા વધારવા પ્રયાસો કર્યા છે ? | |
| ૧૭ | તમારા વિદ્યાર્થીઓમાં ટેલિવિઝન, ચલચિત્રોને વધુ પ્રમાણમાં જોવાનું દુષણ ન પ્રવેશે તથા તેઓ અન્ય વ્યસનમાંથી પણ મુક્ત બની સમાજને રાહ ચીંધે તેવા પ્રયાસો કર્યા છે ? શું મુશ્કેલીઓ પડી અને નિરાકરણ કઇ રીતે કર્યુ ? દા.ત. શાળાના સભ્ય તરીકે કઇ લખ્યુ હોય કે તમારા વિદ્યાર્થીઓને કઇ રચનાત્મક કાર્ય કરાવ્યું હોય ટુંકમાં જણાવો. | |
| ૧૮ | તમારા કોઇ સહકાર્યકરને અંગત સહાય કરવાની તમને કોઇવાર તક પ્રાપ્ત થઇ છે ? જો હા, તો કેવી રીતે ? | |
| ૧૯ | તમારા સહ કર્મચારીના લાભાર્થે બીજા સહકાર્યકરોની સાથે અથવા તમારી જાતે તમે કરેલી કેટલીક પ્રવૃત્તિઓ જણાવો. | |
| ૨૦ | સામાન્ય પણે જુનીયર કર્મચારી વર્ગની સુખાકારી વધારવા તમે કોઇ નક્કર કાર્ય કર્યુ છે ? જો આમ હોય તો ચોક્કસ કઇ રીતે ? | |

## નમૂનોઃ ક(૨)

| | | |
|---|---|---|
| ૨૧ | તમારા શોખ અને રસના વિષયો ક્યાં ક્યાં છે ? તમે તેની<br>(ક) પાછળ નિયમિત વખત આપો છો ?<br>(ખ) તમારી પ્રવિણતા તેમાંના ક્યાં વિષયમાં છે ?<br>(ગ) તમારી પ્રવિણતા તેમાના ક્યાં વિષયમાં છે ? અભ્યાસ સાથેની કઇ કઇ પ્રવૃત્તિઓ તમે સંભાળી છે ? | |
| ૨૨ | ખાસ કરીને તમે શીખવાતા હોય તે વર્ગો માટે કોઇ અભ્યાસ વિષયક પ્રવૃત્તિઓ યોજો છો ? વિગત આપો. | |
| ૨૩ | શાળા અને સમાજ-સુધારણામાં રસ લેતા સમાજ જુથો અને સંસ્થાઓને તમે સહકાર આપ્યો છે ? દા.ત. સમાજ – શિક્ષણ વર્ગો સામુહિક યોજના કામો, સમાજ સેવાની પ્રવૃત્તિઓ વિગેરે. | |
| ૨૪ | કટોકટીના સમય એટલે કે, પુર, રોગચાળો, વિગેરેમાં સમાજની જરૂરીયાતોને પહોંચી વળવા વિદ્યાર્થી જુથોના સંચાલનમાં તમે મદદ કરી છે ? | |
| ૨૫ | સમાજના- સંસ્કૃતિક જીવનમાં તમે સક્રિય રસ લીધો છે ? નાટકો, મેળો ઉત્સવોની ઉજવણી જેવા કાર્યક્રમમાં તમે ભાગ લીધો છે ? | |
| ૨૬ | તમારી સંસ્થામાં વાલી-શિક્ષક મંડળ છે ? તમે નિયમિત રીતે બેઠકમાં હાજરી આપો છો ? તમને તે ઉપયોગી જણાયેલ છે ? દ્રષ્ટાંત આપો. | |
| ૨૭ | તમારા ગામ, શહેર, જિલ્લા વિગેરેની કોઇ સ્થાનિક સમિતિના તમે સભ્ય છો ? તમે પણ કોઇ હોદ્દો ધરાવો છો ? સમિતિએ કઇ સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને ખાસ કરીને તેમાં તમારો શું ફાળો છે ? | |
| ૨૮ | તમારા પરીક્ષાના પરિણામો સામાન્ય રીતે કેવા ? તેનાથી તમને પુરતો સંતોષ ખરો ? જો હા, તો તમારી મુશ્કેલીઓ શી અને તેને સુધારવા તમે કેવા પગલા અપનાવશો ? શક્ય તેટલી હકીકતરૂપે માહિતી આપો. | |

આથી પ્રમાણિત કરું છું કે, મેં કરેલું નિવેદન સાચું અને સંપૂર્ણ છે.

સ્થળઃ-

તારીખઃ- શિક્ષકની સહીઃ-

## નમૂનો – ખ

### ગુજરાત રાજ્ય પારિતોષિક તાલુકા પસંદગી સમિતિની ભલામણનું મૂલ્યાંકન.

| (૧) | (૨) | (૩) |
|---|---|---|
| પ્રાથમિક શિક્ષક-પ્રાથમિક આચાર્ય,<br>માધ્યમિક શિક્ષક,<br>ઉચ્ચતર માધ્યમિક શિક્ષક,<br>માધ્યમિક આચાર્ય,<br>ખાસ શાળાના શિક્ષક | પારિતોષિક કેટેગરી | જિલ્લો |

| | | |
|---|---|---|
| ૧ | નામ (મોટા અક્ષરે) પ્રથમ અટક/પોતાનું નામ/પિતા/પતિનું નામ. | |
| ૨ | જન્મ તારીખ | |
| ૩ | કાયમી સરનામુ પીનકોડ સહિત. | |
| ૪ | જ્યાં કામ કરતા હોય તે શાળાનું નામ અને પુરું સરનામુ પીનકોડ સહિત. | |
| ૫ | હોદ્દો | |
| ૬ | શૈક્ષણિક અનુભવ (ભલામણની તારીખ) | વર્ષ:- માસ:- |
| ૭ | શૈક્ષણિક લાયકાત મેળવેલ વર્ગ અને પાસ કર્યાના વર્ષ સાથે. | |
| ૮ | સેવા નોંધ | |
| | નમૂનો:(ક-૧) ના કોલમ:(૧૪) પ્રમાણેના પત્રક મુજબ | |
| ૯ | પારિતોષિક માટે ભલામણ કરવા પુરતું વ્યાજબીપણુ નીચેની બાબતોની માહિતી સંપૂર્ણ વર્ણનાત્મક નક્કર સિદ્ધિઓથી સમર્થિત આપવી.<br>દા.ત.(ક) સ્થાનિક પ્રજામાં પ્રતિષ્ઠા.<br>(ખ) શૈક્ષણિક કાર્યદક્ષતા અને વધુ વિકાસ તરફની ઇચ્છાશક્તિ. | |

નમૂનો – ખ

## ગુજરાત રાજ્ય પારિતોષિક તાલુકા પસંદગી સમિતિની ભલામણનું મૂલ્યાંકન.

| (૧) | (૨) | (૩) |
|---|---|---|
| પ્રાથમિક શિક્ષક-પ્રાથમિક આચાર્ય,<br>માધ્યમિક શિક્ષક,<br>ઉચ્ચતર માધ્યમિક શિક્ષક,<br>માધ્યમિક આચાર્ય,<br>ખાસ શાળાના શિક્ષક | પારિતોષિક કેટેગરી | જિલ્લો |

| | | |
|---|---|---|
| ૧ | નામ (મોટા અક્ષરે) પ્રથમ અટક/પોતાનું નામ/પિતા/પતિનું નામ. | |
| ૨ | જન્મ તારીખ | |
| ૩ | કાયમી સરનામુ પીનકોડ સહિત. | |
| ૪ | જ્યાં કામ કરતા હોય તે શાળાનું નામ અને પુરૂં સરનામુ પીનકોડ સહિત. | |
| ૫ | હોદ્દો | |
| ૬ | શૈક્ષણિક અનુભવ (ભલામણની તારીખ) | વર્ષઃ- માસઃ- |
| ૭ | શૈક્ષણિક લાયકાત મેળવેલ વર્ગ અને પાસ કર્યાના વર્ષ સાથે. | |
| ૮ | સેવા નોંધ | |
| | નમૂનોઃ(ક-૧) ના કોલમઃ(૧૪) પ્રમાણેના પત્રક મુજબ | |
| ૯ | પારિતોષિક માટે ભલામણ કરવા પુરતું વ્યાજબીપણુ નીચેની બાબતોની માહિતી સંપૂર્ણ વર્ણનાત્મક નક્કર સિદ્ધિઓથી સમર્થિત આપવી.<br>દા.ત.(ક) સ્થાનિક પ્રજામાં પ્રતિષ્ઠા.<br>(ખ) શૈક્ષણિક કાર્યદક્ષતા અને વધુ વિકાસ તરફની ઇચ્છાશક્તિ. | |

## નમૂનો – ખ

| | | |
|---|---|---|
| | (ગ) વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ.<br>(ઘ) વિદ્યાર્થીઓમાંના સર્વાંગી વિકાસમાં રસ.<br>(ચ) સમાજ જીવન અને પ્રવૃત્તિઓમાં પોતાનો અને શાળાનો હિસ્સો.<br>(છ) સમાજ સાથે સહભાગીતા.<br>(જ) કન્યા કેળવણીને ઉત્તેજન.<br>(ઝ) રાજ્ય અને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં પ્રદાન.<br>(ટ) ગુણવત્તાલક્ષી શિક્ષકના વ્યવસાય પરત્વે સમાજની અપેક્ષાઓની વિગતો. | |
| ૧૦ | ગુણોત્સવમાં શાળાનો આઇ.ડી. નંબર | |
| ૧૧ | ગુણોત્સવમાં તાલુકાનો બ્લોક આઇ.ડી. નંબર | |
| ૧૨ | ગુણોત્સવમાં જિલ્લાનો બ્લોક આઇ.ડી. નંબર | |
| ૧૩ | ગુણોત્સવમાં શિક્ષકનો આઇ.ડી. નંબર | |
| ૧૪ | ગુણોત્સવમાં શિક્ષકે કરેલ વિશિષ્ટ કામગીરીની વિગત | |
| ૧૫ | માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક બોર્ડનું જે તે શિખવતા વિષયાનું છેલ્લા ત્રણ વર્ષનું પરિણામ | વિષય ....................................<br>વર્ષ ૨૦૧૫ ................ટકા,<br>વર્ષ ૨૦૧૬ ................ટકા,<br>વર્ષ ૨૦૧૭ ................ટકા, |
| ૧૬ | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષક/આચાર્યની ભલામણ માટે ધો. ૧૦, ૧૨ ના શાળાના સબંધિત શિક્ષકના અભ્યાસ કરાવતા વિષયના પરિણામોની સિદ્ધિની તુલના. | |

## નમૂનો – ખ

૧૬. નોકરીનો વૃતાંત (હાલના તમારા હોદ્દાથી શરૂ કરીને તમારી દરેક નિમણુંક ઉલટા ક્રમમાં)

| ક્રમ | તા. / / થી તા. / / સુધી | શાળા, હોદ્દો, શાળાનો પ્રકાર | તા.જિ. | શીખવેલ ધોરણો | શીખવેલ વિષયો | પગાર | પગાર ધોરણ | શાળા છોડવાનું કારણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | |
| ૨ | | | | | | | | |
| ૩ | | | | | | | | |
| ૪ | | | | | | | | |
| ૫ | | | | | | | | |
| ૬ | | | | | | | | |
| ૭ | | | | | | | | |
| ૮ | | | | | | | | |
| ૯ | | | | | | | | |
| ૧૦ | | | | | | | | |

૧૭. મુલાકાત/વિદેશ પ્રવાસઃ

| ક્રમ | મુલાકાત લીધેલ દેશનું નામ | વર્ષ | સમયગાળો | મુલમકાતનો હેતુ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |

ઉપરોક્ત વિગતોમાં ન આવરી લેવાયેલ કોઇ ખાસ લાયકાતો અથવા સિદ્ધિઓ.

તાલુકા કેળવણી નિરીક્ષકની/શિક્ષણ નિરીક્ષક સહીઃ-
સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની

રોજકામ – પરિશિષ્ટ-૨ (નમૂનો-ખ જોડવો)

## રાજ્ય પારિતોષિક પસંદગી માટે
## જિલ્લા કક્ષાએ એક પસંદગી સમિતિ બનશે જેમાં નીચેના સભ્યો રહેશે

સને ૨૦૧૮ ના વર્ષમાં (નિયમ-૭ (ક) મુજબ) રાજ્ય પારિતોષિક ભલામણો મોકલવા માટે તાલુકા/જિલ્લા પસંદગી સમિતિની એક બેઠક.............................................................કચેરી ..................................... ખાતે આજ રોજ તારીખ. / /૨૦૧૮ સમયે ...............કલાકે રાખવામાં આવેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપેલ છે.

| ક્રમ | સભ્યની વિગત | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | નામ-જિલ્લા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષ | |
| ૨ | નામ-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી | |
| ૩ | નામ-પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્યશ્રી | |
| ૪ | નામ-જિલ્લાના એક કેળવણીકાર, જેની નિયુક્તિ અધ્યક્ષ કરશે | સભ્યશ્રી | |
| ૫ | નામ- જેતે જિલ્લાના એવોર્ડી શિક્ષક, જેની નિયુક્તિ અધ્યક્ષ કરશે | સભ્યશ્રી | |
| ૬ | નામ- જિલ્લા શિક્ષણાધિકારી | સભ્ય સચિવ | |

ઉપરોક્ત દરખાસ્તમાં નીચે જણાવ્યા પ્રમાણે વિભાગમાંથી દરખાસ્તો આવેલ છે.

રાજ્ય પારિતોષિક પ્રાથમિક વિભાગઃ-:................(આંકડામાં સંખ્યા જણાવવી)
રાજ્ય પારિતોષિક માધ્યમિક વિભાગઃ-.................
રાજ્ય પારિતોષિક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગઃ-.................
રાજ્ય પારિતોષિક ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યઃ-.................
રાજ્ય પારિતોષિક ખાસ શાળા માટેઃ-.................

રાજ્ય પારિતોષિક માટેની નીચે મુજબની દરખાસ્તો આવેલ છે.

૧. રાજ્ય પારિતોષિક પ્રાથમિકઃ-
   (૧) નામ લખવું
   (૨) "
   (૩) "
૨. રાજ્ય પારિતોષિક માધ્યમિકઃ-
   (૧) નામ લખવું
૩. રાજ્ય પારિતોષિક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક
   (૧) નામ લખવું
૪. રાજ્ય પારિતોષિક ઉચ્ચતર માધ્યમિકના આચાર્યઃ-
   (૧) નામ લખવું

રાજ્ય પારિતોષિક માટે તાલુકા કક્ષાએ ક્રમાનુસાર નીચે મુજબ દરખાસ્તો પસંદ કરવામાં આવેલ છે.

ભલામણનો પ્રકારઃ- ........................................

| ક્રમ | શિક્ષકનું નામ | પસંદગી ક્રમ |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |

ઉપરોક્ત તાલુકા કક્ષાને રાજ્ય પારિતોષિક ૨૦૧૮ ની દરખાસ્તો મુંજબ મળેલ છે. તાલુકા કક્ષાની સમિતિ તારીખ................................ ના રોજ મળેલ છે. જે ઉપર મુજબ ક્રમાનુસાર પસંદગી કરવામાં આવેલ છે અને આ ભલામણો જિલ્લા કક્ષાની સમિતિમાં મોકલવામાં નક્કી કરવામાં આવ્યું. .

| ક્રમ | સભ્યની વિગત | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | નામ-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી | |
| ૨ | નામ-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી | |
| ૩ | નામ-પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્યશ્રી | |
| ૪ | નામ-જિલ્લાના એક કેળવણીકાર | સભ્યશ્રી | |
| ૫ | નામ-જે તે જીલલાના એવોર્ડી શિક્ષક | સભ્યશ્રી | |

નિયમઃ- ૧૭ મુજબ પ્રત્યેક જિલ્લા કક્ષાની સમિતિએ રાજ્ય પારિતોષિક માટે વધુમાં વધુ નીચે દર્શાવ્યા પ્રમાણેની ભલામણો કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રાથમિક/માધ્યમિક/ઉ.મા. શાળાના શિક્ષકો | ૨ |
| ૨ | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય | ૨ |
| ૩ | સી.આર.સી. | ૧ |
| ૪ | બી.આર.સી. | ૧ |
| ૫ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક (માધ્યમિક) | ૧ |
| ૬ | કેળવણી નિરીક્ષક | ૧ |
| ૭ | અપંગ કેટેગરી | ૧ |

સેટ-૨

રોજકામ – પરિશિષ્ટ-૩ (નમૂનો-ગ જોડવો)

તાલુકા/જિલ્લાના પારિતોષિક માટે

જિલ્લા કક્ષાએ એક પસંદગી સમિતિ બનશે જેમા નીચે મુજબના સભ્યો રહેશે

સને ૨૦૧૮ ના વર્ષમાં તાલુકા/જિલ્લાના પારિતોષિક માટે તાલુકા/જિલ્લા પસંદગી સમિતિનો એક બેઠક..................................................કચેરી...................................... ખાતે આજ રોજ તારીખ. / /૨૦૧૮ સમયે ................કલાકે રાખવામાં આવેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપેલ છે.

| ક્રમ | સભ્યની વિગત | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | નામ-જિલ્લા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષ | |
| ૨ | નામ- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી | |
| ૩ | નામ- પ્રાચાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ | સભ્યશ્રી | |
| ૪ | નામ- જિલ્લાના એક કેળવણીકાર જેની નિયુક્તિ અધ્યક્ષશ્રી કરશે | સભ્યશ્રી | |
| ૫ | જે તે જિલ્લાના એવોર્ડી શિક્ષક જેની નિયુક્તિ અધ્યક્ષ કરશે | સભ્યશ્રી | |

તાલુકા કક્ષાના અને જિલ્લા કક્ષાના એવોર્ડની પસંદગીએ જિલ્લા કક્ષાની પસંદગી સમિતિએ કરવાની રહેશે

| ક્રમ | તાલુકા કક્ષાના એવોર્ડ માટે | જિલ્લા કક્ષાના એવોર્ડ માટે |
|---|---|---|
| ૧ | પ્રાથમિક વિભાગ... (આંકડામાં સંખ્યા જણાવવી | પ્રાથમિક.... (આંકડામાં સંખ્યા જણાવવી) |
| ૨ | માધ્યમિક વિભાગ........ | માધ્યમિક વિભાગ........ |
| ૩ | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગ........ | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગ........ |
| ૪ | ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્ય.... | ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્ય.... |
| ૫ | ખાસ શાળામાટે..... | ખાસ શાળા માટે..... |
| ૬ | કુલ એવોર્ડની સંખ્યા | કુલ એવોર્ડની સંખ્યા |

ઉપરોક્ત દરખાસ્તમાં નીચે જણાવ્યા પ્રમાણે તાલુકા કક્ષાની સમિતિમાંથી દરખાસ્તો આવેલ છે.

રાજ્ય પારિતોષિક પ્રાથમિક વિભાગઃ-.................(આંકડામાં સંખ્યા જણાવવી)

રાજ્ય પારિતોષિક માધ્યમિક વિભાગઃ-.................

રાજ્ય પારિતોષિક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગઃ-.................

રાજ્ય પારિતોષિક ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યઃ-.................

રાજ્ય પારિતોષિક ખાસ શાળા માટેઃ-.................

રાજ્ય પારિતોષિક માટેની નામ સાથેની દરખાસ્તો નીચે મુજબ આવેલ છે.

૧. રાજ્ય પારિતોષિક પ્રાથમિકઃ-

(૧) નામ લખવું

(૨) "

(૩) "

૨. રાજ્ય પારિતોષિક માધ્યમિકઃ-

(૧) નામ લખવું

૩. રાજ્ય પારિતોષિક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક

(૧) નામ લખવું

૪. રાજ્ય પારિતોષિક ઉચ્ચતર માધ્યમિકના આચાર્યઃ-

(૧) નામ લખવું

તાલુકા કક્ષાના અને જિલ્લા કક્ષાના એવોર્ડ માટે જિલ્લા કક્ષાએ રૂબરૂ મુલાકાત ગોઠવી ક્રમાનુસાર નીચે મુજબ દરખાસ્તો પસંદ કરવામાં આવેલ છે.

(નમૂના-ગ મુજબ)

તાલુકા કક્ષાના એવોર્ડમાટે તાલુકા દીઠ-૨ એવોર્ડ (ફક્ત પ્રાથમિક શિક્ષકો માટે)

| ક્રમ | વિભાગનું નામ | શિક્ષકનું નામ | પસંદગી ક્રમ |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શાળા | | |
| ૨ | પ્રાથમિક શાળા | | |
| ૩ | | | |

જિલ્લા કક્ષાના એવોર્ડ માટે- જિલ્લા દેઠ-૪ એવોર્ડ

પ્રાથમિક શાળાના શિક્ષકોમાટે ૨ (બે) પારિતોષિક, માધ્યમિક અને ઉ.મા. શાળાના શિક્ષકો મા-૧ (એક) પારિતોષિક જ્યારે સી.આર.સી., કેળવણી નિરીક્ષક અને તેમના સમકક્ષ અન્ય કેટેગરી પૈકી ગમે તે એક માટે ૧ (એક) પારીતોષિક.

| ક્રમ | વિભાગનું નામ | શિક્ષકનું નામ | પસંદગી ક્રમ |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શાળા | | |
| ૨ | માધ્યમિક શાળા | | |
| ૩ | મા. અને ઉ.મા. શાળા | | |
| ૪ | સી.આર.સી., કેળવણી નિરીક્ષક અને તેમના સમકક્ષ અન્ય કેટેગરી | | |

ઉપરોક્ત તાલુકા કક્ષાના અને જિલ્લા કક્ષાના એવોર્ડની ૨૦૧૭ની દરખાસ્તો મુજબ મળેલ છે. જિલ્લા કક્ષાની સમિતિતારીખ................ના રોજ મળેલ છે. જે ઉપર મુજબ રૂબરૂ મુલાકાત આધારે નક્કીકરેલ ગુણાંકન મુજબ ક્રમાનુસાર પસંદગી કરવામાં આવેલ છે.

| ક્રમ | સભ્યની વિગત | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અધ્યક્ષશ્રી | સભ્ય સચિવ | |
| ૨ | નામ- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી | |
| ૩ | નામ- પ્રાચાર્ય, જિલ્લાશિક્ષણ અને તાલીમ ભવન | સભ્યશ્રી | |
| ૪ | જિલ્લાના એક કેળવણી કરાનામ- | સભ્યશ્રી | |
| ૫ | નામ- જે તે જિલ્લાના એવોર્ડી શિક્ષક | સભ્યશ્રી | |

## નમૂનોઃ-ગ

(નમૂના-ગ સાથે શિક્ષકનો બાયોડેટા જોડવો)

### જિલ્લા પસંદગી સમિતિએ પસંદગીનું મૂલ્યાંકનમાં ભરવાની વિગતો

(પ્રાથમિક શાળાના શિક્ષક કે આચાર્ય/માધ્યમિક શાળાના શિક્ષક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક/માધ્યમિક શાળાના આચાર્ય/ખાસ શાળાના શિક્ષક માટે)

| | | |
|---|---|---|
| ૧ | પુરૂ નામ અટક નામ પિતા/પતિનું નામ | |
| | | |
| ૨ | શાળાનું નામઃ | |
| ૩ | ગુણોત્સવમાં શાળાનો આઇ.ડી. નંબર | |
| ૪ | ગુણોત્સવમાં તાલુકાનો બ્લોક આઇ.ડી.નંબર | |
| ૫ | ગુણોત્સવમાં જિલ્લાનો બ્લોક આઇ.ડી.નંબર | |
| ૬ | ગુણોત્સવમાં શાળાનો આઇ.ડી. નંબર | |
| ૭ | ગુણોત્સવ માં શિક્ષકે કરેલ વિશિષ્ટ કામગીરીની વિગત | |
| ૮ | માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક બોર્ડનું જે તે શિખવતા વિષયનું છેલ્લા વર્ષનું પરિણામઃ | વિષય ............................ વર્ષ ૨૦૧૫ .........................ટકા, વર્ષ ૨૦૧૬ ..................... ટકા, વર્ષ ૨૦૧૭ .................. ટકા |
| ૯ | શાળાનું પુરૂ સરનામુઃ | |
| ૧૦ | શાળાનો પ્રકારઃ (પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/ખાસ શાળા) | |
| ૧૧ | પુરૂષ/સ્ત્રીઃ | |
| ૧૨ | જન્મ તારીખઃ | ☐☐ ☐☐ ☐☐☐☐ |
| ૧૩ | શાળામાં હોદ્દોઃ | |
| ૧૪ | કાયમી સરનામુઃ (ગામ/શહેર/મહોલ્લો/વિસ્તાર/વાયા પોસ્ટ/પીનકોર્ડ) | |
| ૧૫ | રૂબ્રૂ મુલાકાતનું મૂલ્યાંકન<br>મૂલ્યાંકન કાટે નક્કી કરેલ ગુણ .....................<br>મૂલ્યાંકન દરમ્યાન પસંદગી ક્રમ | રૂબરૂ મુલાકાત તા. / /<br>સમિતિએ આપેલ ગુણ ...................<br>પસંદગી નંબર ................... |

પસંદગી સમિતિના સભ્યશ્રીઓની

સહી .......................................

૧) .......................................

૨) .......................................

૩) .......................................

૪) .......................................

## શિક્ષકો માટેના રાજ્ય પારિતોષિકો અંગેના નિયમો

નિયમ-૧ આ નિયમો "શિક્ષકો માટેના ગુજરાત રાજ્ય પારિતોષિક" નિયમો તરીકે ઓળખાશે.

નિયમ-૨ પારિતોષિક માટે ચાર ઝોન પાડવામાં આવશે. જે નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| ઝોન-૧ શહેરી વિસ્તારવાળા 7 જિલ્લાઓ | અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ |
| ઝોન-૨ નવા 7 જિલ્લાઓ | અરવલ્લી, મહિસાગર, છોટાઉદેપુર, મોરબી, ગીર-સોમનાથ, દેવભૂમિ દ્વારકા, બોટાદ |
| ઝોન-૩ આદિવાસી ૭ જિલ્લા | બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, નર્મદા, તાપી, નવસારી, વલસાડ, ડાંગ |
| ઝોન-૪ 10 જિલ્લા | મહેસાણા, પાટણ, ગાંધીનગર, ખેડા, આણંદ, ભરૂચ, સુરેન્દ્રનગર, અમરેલી, પોરબંદર, કચ્છ |

નિયમ-૩ રાજય પારિતોષિકો દર વર્ષે ઓગષ્ટના બીજા સપ્તાહમાં જાહેર કરવામાં આવશે.

નિયમ-૪ રાજય પારિતોષિકો દર વર્ષની પાંચમી સપ્ટેમ્બરના રોજ યોજાનાર ખાસ સમારંભ ખાતે પસંદ કરેલા શિક્ષકોને આપવામાં આવશે.

નિયમ-૫ આ પારિતોષીકો પ્રાથમિક શાળાના શિક્ષક, માધ્યમિક શાળાના શિક્ષક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષક, માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના આચાર્ય, સી.આર.સી., બી.આર.સી., મદદનીશ શિક્ષણ નિરીક્ષક, કેળવણી નિરીક્ષક અને અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન-સરકારી શાળાના શિક્ષકો માટે કુલ પર પારિતોષિકો રહેશે.

નિયમ-૬ ઝોન દિઠ પારિતોષિકોની ફાળવણી નીચે મુજબ રહેશે.

| પ્રકાર | ઝોન દીઠ | કુલ એવોર્ડ |
|---|---|---|
| સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો | ૫ | ૨૦ |
| માધ્યમિક શાળાના શિક્ષકો | ૨ | ૦૮ |
| ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકો | ૧ | ૦૪ |
| માધ્યમિક/ઉ.મા.ના આચાર્યો | ૨ | ૦૮ |

| | | |
|---|---|---|
| કેળવણી નિરીક્ષક (પ્રાથમિક) | ૧ | ૦૪ |
| સી.આર.સી., બી.આર.સી., મદદનીશ શિક્ષણ નિરીક્ષક | ૧ | ૦૪ |
| પુરસ્કાર અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન-સરકારી સંસ્થાઓના શિક્ષકો માટે | ૧ | ૦૪ |
| કુલ પારિતોષિકની સંખ્યા | | પર |

નિયમ-૭ તાલુકા/જિલ્લા/રાજ્ય પારિતોષિક માટે પસંદગી કરવા માટે,

(ક) જિલ્લા કક્ષાએ એક પસંદગી સમિતિ બનશે જેમાં નીચેના સભ્યો રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૩. | પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્ય |
| ૪. | જિલ્લાના એક કેળવણીકાર (જેની નિયુક્તિ અધ્યક્ષશ્રી કરશે.) | સભ્ય |
| ૫. | જે તે જિલ્લાના એવોર્ડી શિક્ષક (જેની નિયુક્તિ અધ્યક્ષશ્રી કરશે.) | સભ્ય |
| ૬. | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |

નોંધ: આ સમિતિનું કોરમ ત્રણ સભ્યોનું રહેશે અને તાલુકા/જિલ્લા કક્ષાના પારિતોષિક નકકી કરશે. અને રાજ્યકક્ષા માટે દરખાસ્તોની પસંદગી કરશે.

(ખ) રાજય કક્ષાએ એક પસંદગી સમિતિ બનશે જેમાં નીચેના સભ્યો રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | અગ્રસચિવશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. | કમિશનર ઑફ સ્કૂલ | સભ્ય |
| ૩. | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર–SSA | સભ્ય |
| ૪. | નિયામક, જી.સી.ઈ.આર.ટી. | સભ્ય |
| ૫. | બી.એડ. કૉલેજના પ્રાચાર્ય | સભ્ય |
| ૬. | સરકારશ્રીના નિયુક્ત કેળવણીકાર | સભ્ય |
| ૭. | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | સભ્ય સચિવશ્રી |
| ૮. | નાયબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | મ.સભ્ય સચિવ |

નોંધ: આ સમિતિનું કોરમ ૪ સભ્યોનું રહેશે.

(ગ) તાલુકા કક્ષાના અને જિલ્લા કક્ષાના એવોર્ડની પસંદગી જિલ્લા કક્ષાની પસંદગીએ જ્યારે રાજ્ય પારિતોષિકની પસંદગી રાજ્ય કક્ષાની પસંદગી સમિતિએ કરવાની રહેશે.

નિયમ-૮ માધ્યમિક શાળાના આચાર્યોના સંવર્ગમાં પ્રાથમિક તાલીમ કોલેજના પ્રિન્સિપાલોનો સમાવેશ કરવામાં આવશે.

નિયમ-૯ માધ્યમિક શાળાના શિક્ષકોના સંવર્ગમાં પ્રાથમિક તાલીમ કોલેજના અધ્યાપકોનો સમાવેશ કરવામાં આવશે.

નિયમ-૧૦ આ પારિતોષિકોની પસંદગી માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | સરકારી પ્રાથમિક/મા./ઉ.મા. શાળાના શિક્ષકો | ૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ |
| ૨. | માધ્યમિક / ઉ.મા. શાળાના આચાર્ય | કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછા ૫ વર્ષનો આચાર્ય તરીકેનો અનુભવ |
| ૩. | સી.આર.સી. | કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછા ૫ વર્ષનો સી.આર.સી. તરીકેનો અનુભવ. |
| ૪. | બી.આર.સી. | કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછા ૫ વર્ષનો બી.આર.સી. તરીકેનો અનુભવ |
| ૫. | મદદનીશ શિક્ષણ નિરીક્ષક (માધ્યમિક) | કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકેનો અનુભવ |
| ૬. | કેળવણી નિરીક્ષક | કુલ ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ જે પૈકી ઓછામાં ઓછો ૫ વર્ષનો કેળવણી નિરીક્ષક તરીકેનો અનુભવ |
| ૭. | અપંગ કેટેગરી | ૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ |

નિયમ-૧૧ ભારત સરકાર તરફથી શિક્ષકો માટેનું "રાષ્ટ્રીય પારિતોષિક" મેળવ્યું હોય એવા પ્રાથમિક- માધ્યમિક શિક્ષક, આચાર્ય આ પારિતોષિક માટે પાત્ર ગણાશે નહીં.

નિયમ:૧૨ (ક) જેમને એકવાર આવું રાજય, જિલ્લા કે તાલુકા પારિતોષિક આપવામાં આવ્યું હોય તેને ફરીથી તે પારિતોષિક મળી શકશે નહીં.

(ખ) કોઈપણ વ્યક્તિ રાજ્ય, જિલ્લા કે તાલુકા કક્ષાના પારિતોષિક પૈકી કોઈ એક પારિતોષિક માટે અરજી કરી શકશે.

નિયમ-૧૩ આ પારિતોષિકો મેળવવાની અરજી માટે ભરવાના નમુના અને જિલ્લા કક્ષાની સમિતિએ તેમજ રાજ્ય કક્ષાની સમિતિએ ભરવાના નમુના આ

DPEGIT.PM

સાથેના પરિશિષ્ટઃ 'ખ' અને 'ગ' માં આપ્યા પ્રમાણેના રહેશે.

(૧) આ સાથે જોડેલ નમુનોઃ "ક" નીચેના સંવર્ગ ભરવાનો છે.

| | |
|---|---|
| ભાગઃ ૧ | સરકારી પ્રાથમિક/મા./ઉ.મા. શાળાના શિક્ષકો |
| ભાગઃ ૨ | માધ્યમિક / ઉ.મા. શાળાના આચાર્ય |
| ભાગઃ ૩ | સી.આર.સી. |
| ભાગઃ ૪ | બી.આર.સી. |
| ભાગઃ ૫ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક (માધ્યમિક) |
| ભાગઃ ૬ | કેળવણી નિરીક્ષક |
| ભાગઃ ૭ | અપંગ કેટેગરી |

નિયમ-૧૪ ઉકત પારિતોષિક માટે પારિતોષિક મેળવવા ઇચ્છુક અરજદારો નીચેના અધિકારીશ્રીઓ મારફત જિલ્લાના સભ્ય સચિવશ્રીને નિયત નમૂનામાં દરખાસ્ત કરશે.

(૧) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સરકારી કે બિન સરકારી શિક્ષકો/આચાર્યો અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકની બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

(૨) સરકારી કે *ખાનગી* પ્રાથમિક શાળાના શિક્ષક, આચાર્ય, સી.આર.સી., બી.આર.સી., કેળવણી નિરીક્ષકની બાબતમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

(૩) અપંગ કેટેગરીના પારિતોષિકની બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

નિયમ-૧૫ પસંદગીના ધોરણો નીચે પ્રમાણે રહેશે

(૧) સ્થાનિક પ્રજામાં પ્રતિષ્ઠા.

(૨) તેની શૈક્ષણિક શકિત અને સામાન્ય કાર્યદક્ષતા.

(૩) બાળકોમાં તેનો રસ અને બાળકો માટેનો પ્રેમ

(૪) ખાસ કરીને શાળાના બાળકોનો અને સામાન્ય રીતે સમાજના સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં તેનો હિસ્સો.

(૫) શાળાની ભૌતિક સુવિધાઓ અને શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરવામાં સમાજ સાથેની લોક ભાગીદારી.

(૬) માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોની બાબતમાં છેલ્લા ૩ વર્ષના પોતાના વિષયના ધોરણઃ ૧૦ અને ધોરણઃ ૧૨ ની જાહેર પરીક્ષાના શાળાના પરિણામો.

(૭) માધ્યમિક શાળાના આચાર્યની બાબતમાં છેલ્લા ૩ વર્ષના શાળાના ધોરણઃ ૧૦ અને ધોરણઃ૧૨ (પ્રવાહવાર) શાળાના પરિણામો અને બોર્ડના પરિણામોની તુલના

(૮) પ્રાથમિક શાળાના શિક્ષક, આચાર્ય, સી.આર.સી., બી.આર.સી., કેળવણી નિરીક્ષકની બાબતમાં કન્યા કેળવણી ઉત્તેજન નામાંકન, સ્થાયીકરણના પ્રયાસો.

(૯) સામાજિક ઉત્થાન, જાગરૂકતા અને સામાજિક પરિવર્તનના દૂત તરીકે તેઓની વ્યકિતગત અને સંસ્થાકીય ભૂમિકા.

(૧૦) શાળાને સમાજની લઘુકૃતિ બનાવવાના પ્રયાસો.

(૧૧) મદદનીશ કેળવણી નિરીક્ષકની બાબતમાં તેઓના જિલ્લાનું છેલ્લા ૩ વર્ષનું ધોરણઃ ૧૦ અને ધોરણઃ ૧૨ નું બોર્ડનું પરિણામ રાજ્યના પરિણામથી નીચું ન હોવું જોઈશે.

નિયમ-૧૬ આ રીતે પસંદ કરાયેલ શિક્ષકોને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નમુનો "ક" ભરવાનું કહેવામાં આવશે. ત્યારબાદ જિલ્લા શિક્ષણાધિકારી સંબંધિત શિક્ષકોના નમુનોઃ 'ક' સહિત નમુના 'ખ' માં જિલ્લા સમિતિની ભલામણોની ત્રણ નકલ પ્રાથમિક શિક્ષણ નિયામકને મોકલશે.

નિયમ-૧૭ પ્રત્યેક જિલ્લા કક્ષાની સમિતિએ રાજ્ય પારિતોષિક માટે વધુમાં વધુ નીચે દર્શાવ્યા પ્રમાણેની ભલામણો કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | સરકારી પ્રાથમિક/મા. /ઉ.મા. શાળાના શિક્ષકો | ૨ |
| ૨. | માધ્યમિક / ઉ.મા. શાળાના આચાર્ય | ૨ |
| ૩. | સીં.આર.સી. | ૧ |
| ૪. | બી.આર.સી. | ૧ |
| ૫. | મદદનીશ શિક્ષણ નિરીક્ષક (માધ્યમિક) | ૧ |
| ૬. | કેળવણી નિરીક્ષક | ૧ |
| ૭. | અપંગ કેટેગરી | ૧ |

નિયમ-૧૮ (૧) તાલુકા કક્ષાની પસંદગીની કાર્યવાહી એપ્રિલ માસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) જિલ્લા કક્ષાની પસંદગી મે માસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) રાજ્ય કક્ષાની પસંદગી જૂન-જુલાઈ માસમાં કરવાની રહેશે.



DPEeIT . PM

(૪) રાજ્ય કક્ષાએ જિલ્લા સમિતિની ભલામણો દર વર્ષે મોડામાં મોડી ૩૦ મી જૂન સુધીમાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં મોકલવાની રહેશે.

નિયમ-૧૯ પ્રાથમિક શિક્ષણ નિયામક તેની ભલામણો સહિત જિલ્લા કક્ષાની સમિતિઓ તરફથી મળેલી બધી અરજીઓની ચકાસણી કરશે ત્યારબાદ પ્રાથમિક શિક્ષણ નિયામકે સમિતિના બીજા સભ્યો સાથે ચર્ચા વિચારણા કરીને રાજ્ય કક્ષાની સમિતિની બેઠક બોલાવવી અને દરખાસ્ત કરનારને સમિતિ સમક્ષ સમાલાપ માટે બોલાવવા.

નિયમ-૨૦ રાજ્યકક્ષાની સમિતિ, દરેક વિભાગ માટે નક્કી કરેલા પારિતોષિકની સંખ્યા જેટલા નામોની ભલામણ મોડામાં મોડી ૩૧ મી જુલાઈ સુધીમાં સરકારને મોકલશે.

નિયમ-૨૧ જે વર્ષ માટે પારિતોષિક આપવાના હોય તે કેલેન્ડરમાં નિવૃત્ત થવાના હોય તે શિક્ષક/આચાર્યને આ નિયમના હેતુ માટે કામ કરતા ગણવા

નિયમ-૨૨ પ્રત્યેક પારિતોષિક નીચે મુજબ આપવામાં આવશે.

(૧) તાલુકા કક્ષાએ રૂ.૫,૦૦૦/- રોકડ પુરસ્કાર, શાલ, પ્રમાણપત્ર અને બ્રાસ પ્લેટ શાળા માટે.

(૨) જિલ્લા કક્ષાએ રૂ.૧૫,૦૦૦/- રોકડ પુરસ્કાર, શાલ, પ્રમાણપત્ર અને બ્રાસ પ્લેટ શાળા માટે.

(૩) રાજ્યકક્ષાએ રૂ.૫૧,૦૦૦/- રોકડ પુરસ્કાર, શાલ, તામ્ર પ્રમાણપત્ર અને શાળા માટે તામ્ર પ્રમાણપત્ર.

(૪) અપંગ કેટેગરીમાં રૂ.૫૧,૦૦૦/- રોકડ પુરસ્કાર, શાલ, તામ્ર પ્રમાણપત્ર અને શાળા માટે તામ્ર પ્રમાણપત્ર.

(ડૉ.ભરત પંડિત)
નિયામક
પ્રાથમિક શિક્ષણ,
ગુ.રા,ગાંધીનગર.

શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના તાલુકા, જીલ્લા
અને રાજ્ય કક્ષાએ પારિતોષિક આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૪/૩૦૬૯૩૨/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૧/૧૨/૨૦૧૫

સંદર્ભઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૧/૮/૧૯૮૯નો ઠરાવ ક્રમાંકઃપીટીસી/૧૪૮૯/૧૭૬૨૬
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૭/૧૯૮૯નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૮૯/૧૪૦/ક
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૦/૧/૧૯૯૪નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૯૨/જી/૧૪૨/ક
(૪) શિક્ષણ વિભાગનો તા.૨૪/૬/૧૯૯૭નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૩૯૭/ખ/૬૧/ક
(૫) શિક્ષણ વિભાગનો તા.૨૯/૫/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૯૦/ક
(૬) શિક્ષણ વિભાગનો તા.૭/૮/૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૦૭/૬૦૩/ક
(૭) શિક્ષણ વિભાગનો તા.૫/૩/૨૦૧૧નો પરિપત્ર ક્રમાંકઃપીઆરઇ/૧૧૦૯/૫૨૯/ક
(૮) શિક્ષણ વિભાગનો તા.૭/૮/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૪/૩૦૬૯૩૨/ક,

આમુખઃ-

સંદર્ભ(૮)માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવથી શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના તાલુકા, જીલ્લા અને રાજ્ય કક્ષાએ પારિતોષિક આપવાની નીતિ નિયત કરવામાં આવેલ છે. હાલની જોગવાઇઓમાં કેટલાક વહીવટી ફેરફાર/સુધારા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

આમુખમાં દર્શાવેલ ઠરાવો પરત્વે કાળજી પૂર્વકની વિચારણાના અંતે રાજ્યના શિક્ષકોને તાલુકા/જિલ્લા તથા રાજ્ય કક્ષાએ પરિતોષિક આપી પ્રોત્સાહિત કરવા માટે " શ્રેષ્ઠ શિક્ષક પરિતોષિક તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ નામાભિધાન " સાથે યોજના બાબતે આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | તા.૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવની હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|
| બ | જિલ્લાકક્ષાના ૪ પારિતોષિક જેમાં ૨ પારિતોષિક પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૧(એક) પુરસ્કાર માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે જ્યારે ૧ પુરસ્કાર સી.આર.સી., કેળવણી નિરિક્ષક અને તેમના સમકક્ષ અન્ય કેટેગરી પૈકી ગમે તે એક | જિલ્લાકક્ષાના ૪ પારિતોષિક જેમાં ૨ પારિતોષિક પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૧ પુરસ્કાર માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે, ૧ પુરસ્કાર સી.આર.સી., બી.આર.સી.મદદનીશ કેળવણી નિરિક્ષક, કેળવણી નિરીક્ષક માટે |

| | | |
|---|---|---|
| ક | રાજય કક્ષાના ૪૭ એવોર્ડ પૈકી ૨૦ પુરસ્કાર પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૩ પુરસ્કાર પ્રાથમિક શાળાના શિક્ષણ નિરિક્ષકો માટે ૩ પુરસ્કાર, સી.આર.સી.બી.આર.સી.,મદદનીશ શિક્ષણ નિરિક્ષક (દરેક માટે એક) ૧૦ પુરસ્કાર, માધ્યમિક શિક્ષક ૫ પુરસ્કાર ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે ૩ પુરસ્કાર માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક આચાર્યો માટે તથા ૩ પુરસ્કાર ખાનગી, પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે રાખવાના રહેશે. કોર્પોરેશન અને નગરપાલિકાની શાળાના શિક્ષકોને પુરસ્કાર અંગેની કાર્યવાહી જે તે તાલુકા /જિલ્લા સાથે કરવાની રહેશે. | રાજય કક્ષાના ૪૭ એવોર્ડ પૈકી ૨૦ પુરસ્કાર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૪ પુરસ્કાર પ્રાથમિક શાળાના કેળવણી નિરિક્ષકો માટે, ૪ પુરસ્કાર, સી.આર.સી. બી.આર.સી.,મદદનીશ શિક્ષણ નિરિક્ષક માટે, ૮ પુરસ્કાર માધ્યમિક શાળાના શિક્ષક માટે, ૪ પુરસ્કાર ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે, ૮ પુરસ્કાર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યો માટે, ૪ પુરસ્કાર અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન-સરકારી સંસ્થાઓના શિક્ષકો માટે રાખવાના રહશે.<br>કોર્પોરેશન અને નગરપાલિકાની શાળાના શિક્ષકોને પુરસ્કાર અંગેની કાર્યવાહી જે તે તાલુકા/ જિલ્લા સાથે કરવાની રહેશે. |
| અરજી કરવાની પધ્ધતિ | શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર માટે ૧૫(પંદર) વર્ષનો અનુભવ જરૂરી છે. | (૧) સરકારી પ્રાથમિક/ માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકો — ૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ<br>(૨) માધ્ય./ઉ.મા. શાળાના આચાર્ય — કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો આચાર્ય તરીકેનો અનુભવ<br>(૩) સી.આર.સી. — કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો સી.આર.સી.તરીકેનો અનુભવ<br>(૪) બી.આર.સી — કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો બી.આર.સી.તરીકેનો અનુભવ<br>(૫) મદદનીશ શિક્ષણ નિરિક્ષક (માધ્યમિક) — કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકેનો અનુભવ<br>(૬) કેળવણી નિરીક્ષક — કુલ ૧૫ વર્ષનો અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો કેળવણી નિરીક્ષક તરીકેનો અનુભવ |

| | | |
|---|---|---|
| | | (૭) અપંગ કેટેગરી — ૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ |
| ૬ | તાલુકા, જિલ્લા, રાજય કક્ષાના પુરસ્કારોમાં સમિતિનો નિર્ણય આખરી ગણાશે. જિલ્લા સ્તર માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે. જયારે રાજય કક્ષાએ અગ્રસચિવશ્રી(પ્રા.શિ.)ની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે અને શાળા સ્થળે ચકાસણી કર્યા પછી જ પુરસ્કાર આપી શકાશે. | તાલુકા, જિલ્લા, રાજય કક્ષાના પુરસ્કારોમાં સમિતિનો નિર્ણય આખરી ગણાશે. જિલ્લા સ્તર માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે. જયારે રાજય કક્ષાએ અધિક મુખ્ય સચિવશ્રી (પ્રા.શિ.) ની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે. આ સમિતિને જરૂર જણાય તો શાળા સ્થળે ચકાસણી કર્યા બાદ અને અરજદારની રૂબરૂ મુલાકાત લઇ પુરસ્કાર આપી શકાશે. |
| ૭ | આ પુરસ્કારો માટે સરકારી અને ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો/આચાર્યો માટે ગુણોત્સવમાં ઓછામાં ઓછા ૪(ચાર)પોઇન્ટ શાળાએ મેળવ્યા હોય તેવી શાળાઓના શિક્ષકો/આચાર્યો ભાગ લઇ શકશે. | આ પુરસ્કારો સરકારી પ્રાથમિક શાળાના સરકારી શાળાના શિક્ષકો/આચાર્યો માટે ગુણોત્સવમાં ઓછામાં ઓછા **A** અથવા **B** ગ્રેડ મેળવ્યા હોય તેવી શાળાઓના શિક્ષકો/આચાર્યો ભાગ લઇ શકશે. જયારે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષક માટે પોતાના વિષયનું બોર્ડનું પરિણામ જે વિભાગ માટે અરજી કરી હોય તેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૮૦ ટકા થી વધુ હોવું જોઇએ. અને શાળાનું પરીણામ ૮૦ ટકાથી વધુ હોવું જોઇએ. |
| ઠરાવમાં સમાવેશ | | નીચે મુજબ ઝોન પાડી એવોર્ડ આપવાની કામગીરી કરવાની થાય. |

| | |
|---|---|
| ઝોન-૧ શહેરી વિસ્તાર વાળા ૭ જિલ્લાઓ | અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જૂનાગઢ |
| ઝોન-૨ નવા ૭ જિલ્લાઓ | અરવલ્લી, મહીસાગર, છોટા ઉદેપુર, મોરબી, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, |
| ઝોન-૩ આદિવાસી ૯ જિલ્લાઓ | બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, |

| | |
|---|---|
| | દાહોદ, નર્મદા, નવસારી, વલ[illegible], ડાંગ |
| ઝોન-૪ ૧૦ જિલ્લાઓ | મહેસાણા, પાટણ, ગાંધીનગર, ખેડા, આણંદ, ભરૂચ, સુરેન્દ્રનગર, અમરેલી, પોરબંદર, કચ્છ |

ઠરાવમાં સમાવેશ

| પ્રકાર | ઝોન દીઠ સંખ્યા | કુલ એવોર્ડ સંખ્યા |
|---|---|---|
| પ્રા.શાળાના શિક્ષકો | ૫ | ૨૦ |
| માધ્ય. શાળાના શિક્ષકો | ૨ | ૮ |
| ઉ.મા.શાળાના શિક્ષકો | ૧ | ૪ |
| માધ્ય./ઉ.મા. ના આચાર્યો | ૨ | ૮ |
| કેળવણી નિરીક્ષક પ્રાથમિક | ૧ | ૪ |
| સી.આર.સી./બી.આર.સી મદદનીશ શિક્ષણ નિરીક્ષક | ૧ | ૪ |
| અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન-સરકારી સંસ્થાઓના શિક્ષકો માટે | ૧ | ૪ |
| | કુલ | ૫૨ |

૨. નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂર હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

(પાછળ)

૩. આ વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪ ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એન. બ્રહ્મભટ્ટ )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉ. અને ટે. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ/શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા